અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી, સમય
મર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંકઃ અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/ છ
સચિવાલય,ગાંધીનગર
તા. ૨ / ૮ /૨૦૧૦ .

<u>વંચાણમાં લીધાઃ</u>

(૧) ભારતના બંધારણીય હુકમ,૧૯૫૦ અને ત્યાર પછીના વખતોવખતના ઠરાવો.

(૨)ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના પત્રક્રમાંક.બીસી/૧૬૦૧૪/૧/૮૨/એસસી એન્ડ/બીસીડી/૧,તા.૬/૮ /૧૯૮૪

(૩) ગુજરાત સરકારના ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના ઠરાવક્રમાંક એસસીડબલ્યુ/૧૦૮૭/ ૮૪૬/ખ,તા.૨૭/૧૦/૮૭ તથા સરખાક્રમાંકનો તા.૨૪/૫/૮૮નો ઠરાવ

(૪) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો ઠરાવક્રમાંક અજપ/૧૯૯૯/ ૪૦૬/ચ, તા.૫/૫/૯૯

(૫)ગુજરાત સરકાર ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર નો. ૨૭-૪-૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૧૦૯-૧૬૬૩-અ.

<u>પ્રસ્તાવનાઃ-</u>

ભારત સરકારશ્રીના બંધારણીય હુકમ,૧૯૫૦થી રાજ્યવાર અનુસૂચિતજાતિઓ નક્કી કરવામાં આવી છે.ત્યારબાદ ભારત સરકારના વખતો વખતના ઠરાવો અમલમાં છે. અનામતનો લાભ તથા જાતિ આધારિત અન્ય લાભો મેળવવા માટે અરજદારે /વિધાર્થીઓએ / ઉમેદવારોએ અનુસૂચિત જાતિ પૈકીની જાતિના ઉમેદવાર હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે

ઉકત વંચાણ (૨) થી (૪) પરના ઠરાવોથી અનુસૂચિત જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો આપવા માટે નિયત કરેલ સક્ષમ અધિકારીઓ નીચે મુજબ છે.

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર/અધિક નાયબ કમિશ્નર/નાયબ કલેક્ટર / પ્રથમ વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ /સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય

મેજીસ્ટ્રેટ (પ્રથમ વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઊતરતી કક્ષાના નહિ) / તાલુકા મેજીસ્ટ્રેટ /

કાર્યપાલક મેજીસ્ટ્રેટ

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ /વધારાના મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ /પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ

3. અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક

૪. મામલતદારથી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસૂલી અધિકારી.

૫. ઉમેદવાર અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી

૬. વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/ લક્ષદિપ અને મિનિ કોય ટાપુઓ

૭. જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/.તાલુકા વિકાસઅધિકારીઓ

૮. જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ અને

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)

૯. તકેદારી અધિકારી વર્ગ-૧

અનુભવે જણાયુ છે કે, શૈક્ષણિક વર્ષની શરૂઆતના સમયમાં મે-જૂન માસમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષાઓના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ લેવા માટે જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે ભારે ધસારો થાય છે. પરિણામે ટૂંકા ગાળામાં આ ધસારાને પહોંચી વળવાનું સમાજ કલ્યાણ અધિકારીઓ તથા મહેસુલી અધિકારીઓ માટે મુશ્કેલ બને છે. અને વિધાર્થીઓ/વાલીઓને પણ હાલાકી ભોગવવી પડે છે. તેમજ પુરતી ચકાસણી માટે સમય ન મળવાને કારણે ખોટા જાતિ પ્રમાણપત્રો અપાઇ જવાના કિસ્સાઓ પણ કેટલીકવાર બને છે.

ઉપરોકત પરિસ્થિતિમાં એક જ સમયે થતાં ધસારાને ટાળવા તેમજ વિધાર્થીઓને હાલાકી (Hardship) માંથી બચાવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે સરળતાથી જાતિ પ્રમાણપત્રો આપવા માટે નીચે મુજબની સરળ પધ્ધતિ અમલમાં મુકવાનુ આથી ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવઃ-</u>**

૧ .ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામ પછી જાતિ પ્રમાણપત્રો મેળવવા માટેના ધસારાને ટાળવા માટે સંબંધિત શાળાઓના આચાર્યોએ પોતાની શાળામાં ભણતા ધોરણ-૧૦ના અનુસુચિત જાતિના

વિધાર્થીઓને શોધીને ( **identify**) તેવા વિધાર્થીઓના પિતા / વાલીઓ પાસેથી જરૂરી આધાર પુરાવાઓ મેળવી વિધાર્થીઓના જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે નિયત નમુનાના ફોર્મમાં સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પં)/મહેસુલી અધિકારીશ્રીઓની કચેરીઓમાં અરજીઓ કરાવવાની રહેશે.

૨. અનામતના વર્ગોને મળતા અનામતના મહત્વના લાભોની લાલચને ધ્યાનમાં રાખતાં જે વિધાર્થીઓનો સમાવેશ અનુસૂચિત જાતિમાં ન થતો હોય તેવા અરજદારો ખોટી માહિતી/ વિગતો રજુ કરીને પ્રમાણપત્રો મેળવી ન જાય તે સુનિશ્ચિત કરવા શાળાના આચાર્યોએ પૂરતી ચકાસણી કરીને ફોર્મ રજુ કરવાના રહેશે. કેટલાક કિસ્સામાં શાળાના રેકર્ડમાં વિધાર્થીની જાતિ અનુસૂચિત જાતિઓ પૈકીની હોય પરંતુ તેના પિતાના રેકર્ડમાં અનુસૂચિત જાતિ પૈકીની જાતિ ન હોય ત્યારે સદરહુ વિધાર્થી અનુસૂચિત જાતિના હોવાના દાવાની ઘનિષ્ઠ ચકાસણી કરવાની રહેશે કે જેથી ખોટી વ્યકિત અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવી ન જાય. એવું પણ બની શકે કે, વિધાર્થીના શાળાના રેકર્ડમાં અનુસૂચિત જાતિઓ પૈકીની જાતિનો ઉલ્લેખ ન હોય ત્યારે વિધાર્થીનો દાવો તેના પિતા, કાકા, દાદા, ફોઇ કે લોહીના સંબંધ ધરાવતી અન્ય વ્યકિત કે અગાઉની પેઢીઓથી કે અન્ય આધારભૂત દસ્તાવેજથી પણ સાબિત કરી શકાશે અને તેનું ફોર્મ ભરી શકાશે

3. રાજય સરકાર હેઠળના અનામતના લાભો અને ભારત સરકાર હેઠળના અનામત લાભો માટે સક્ષમ અધિકારીઓમાં થોડોક તફાવત છેઅને જાતિ પ્રમાણપત્રોના નિયત નમૂના પણ જુદા હોવાથી પ્રમાણપત્રોની અરજીઓ તૈયાર કરતી વખતે જ તેના મથાળે ''**રાજય સરકારના અનામતના હેતુ માટે**'' અને ''**ભારત સરકારના અનામતના હેતુ માટે** ''એમ સ્પષ્ટ રીતે ભેદ બતાવવાના રહેશે. તથા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પં)ની કચેરીએ ફકત ''**રાજય સરકારના અનામતના હેતુ માટે** ''ના ફોર્મ્સ રજુ કરવાના રહેશે. જયારે મહેસુલી અધિકારીશ્રીઓની કચેરીમાં '' **રાજય સરકારના અનામતના હેતુ માટે** ''ના તેમજ ''**ભારત સરકારના અનામતના હેતુ માટે**'' ના ફોર્મ્સ રજુ કરવાના રહેશે

૪. પ્રમાણપત્રો મેળવવા ઇચ્છતા વિધાર્થીની અરજીઓ / દરખાસ્ત તૈયાર કરતી વખતે પડતી મુશ્કેલીઓના નિવારણ માટે સબંધિત શાળાના આચાર્યોએ તે વિસ્તારના મામલતદાર / તાલુકા વિકાસ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારી / જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી પાસેથી અગાઉથી જ પુરતું માર્ગદર્શન અને સમજણ મેળવી લેવી તે ઈચ્છનીય છે.

૫. પ્રમાણપત્રો મેળવવાની અરજીઓ/દરખાસ્ત તૈયાર કરતી વખતે શાળાના આચાર્યો દ્રારા બદઇરાદાપૂર્વક ખોટી વિગતો રજુ કરી પ્રમાણપત્રો અપાવવા માટે પ્રયત્ન કર્યાનુ જણાશે તો

.

તેમની સામે શિસ્ત વિષયક તેમજ કાનૂની રાહે પગલાં લેવામાં આવશે.

૬. શાળાના આચાર્યોને પુરતી સંખ્યામાં જાતિ પ્રમાણપત્રના અરજીફોર્મ, સોગંદનામા /એફિડેવીટના નમૂના તાલુકા/ જિલ્લા મથકેથી પુરા પાડવાના રહેશે. આ તમામ વિગતો વિભાગની વેબસાઇટ www. sje gujarat.gov.in ઉપરથી પણ મેળવી શકાશે.

૭. આ રીતે તૈયાર થયેલ દરખાસ્તો આચાર્યોએ **જાન્યુઆરીની ૩૧મી તારીખ** સુધીમાં અથવા નિયત સમય પહેલા શાળા વિકાસ સંકુલના વડાને પહોચતી કરવાની રહેશે. શાળા વિકાસ સંકુલના વડાએ તમામ દરખાસ્તો મેળવીને **ફેબ્રુઆરી-૧૫મી તારીખ** સુધીમાં અથવા નિયત સમયમાં તૈયાર થયેલ દરખાસ્તો જિલ્લા મથકની શાળાઓ માટે સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને આપવાની રહેશે. તાલુકા મથકે આવેલી શાળાઓ માટે સંબધિત મામલતદાર કચેરીમાં અને ગ્રામ્ય વિસ્તાર માટે સંબધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપવાની રહેશે. અને તે મુજબ આ અધિકારીશ્રીઓએ જાતિના પ્રમાણપત્રો તૈયાર કરવાના રહેશે.

૮. જાતિ પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીએ દરખાસ્ત મળ્યાના બેમાસમાં શાળા વિકાસ સંકુલ મારફત જે તે શાળાને જાતિ પ્રમાણપત્રો પહોંચતા કરવાના રહેશે. કોઇ વિશેષ સંજોગોમાં નિયત સમય મર્યાદામાં આચાર્ય ધ્વારા દરખાસ્ત તૈયાર ન થાય તો તેવા સંજોગોમાં યોગ્ય કારણોની નોંધ કરી સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોના પણ જાતિ પ્રમાણપત્રો સક્ષમ અધિકારીએ તૈયાર કરવાના રહેશે.

૯ જો કોઇ કિસ્સામાં શાળાના આચાર્ય ધ્વારાજ્ તૈયાર કરાયેલી અરજીઓ /દરખાસ્તો શંકાસ્પદ જણાય અથવા સક્ષમ અધિકારીને જ્ અરજદાર વિધાર્થીનો જાતિનો દાવો સ્વીકાર્ય ન જણાય તો તેવા કિસ્સામાં સક્ષમ અધિકારી વિશેષ કે ઘનિષ્ઠ તપાસ કરી શકશે. વિધાર્થીઓના પિતા/વાલીને રૂબરૂ સાંભળી શકશે અને પોતાને અરજદારની જાતિના દાવા અંગે પુરેપુરો સંતોષ થયા બાદ જ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૧૦. ઉપરોકત રીતે સામૂહિક રીતે તૈયાર કરાયેલા જાતિ પ્રમાણપત્રો જે તે શાળાના આચાર્યએ ધોરણ-૧૦ના પરિણામ સાથે જ સામૂહિક રીતે વિધાર્થીઓ અથવા તેમના પિતા/ વાલીઓ પાસેથી પહોંચ લઇને આપી દેવાના રહેશે.

૧૧. જે વિધાર્થીએ ધોરણ ૧૦ માં અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા વિધાર્થીએ

ધોરણ ૧૨ પછી પુનઃ જાતિ પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા રહેતી નથી,.

૧૨ ઉપરોકત પધ્ધતિ રાજયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અમલમાં મુકવાની રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ,મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગે એક બીજાના સહકાર અને સંકલનમાં આ પધ્ધતિને સફળ બનાવવા માટે સંનિષ્ઠ પ્રયત્નો કરવાના રહેશે

૧૩ ઉપરોકત વિશેષ પધ્ધતિ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરિણામ પછીના ધસારાને પહોચી વળવા માટે છે, તેથી સામાન્ય સંજોગોમાં પરિણામ સિવાયના સમયગાળામાં અને અપવાદરૂપ કિસ્સાઓમાં હાલ જે પધ્ધતિથી સક્ષમ અધિકારીઓને સીધેસીધી અરજી કરીને જાતિ પ્રમાણપત્રો મેળવવાની પ્રથા અમલમાં છે તે પણ ચાલુ રહેશે.

૧૪ ઉપરોકત વિશેષ ઝૂંબેશ પધ્ધતિમાં પ્રમાણપત્રો મેળવવામાં નિષ્ફળ ગયેલા વિધાર્થી કે તેમના પિતા / વાલી હાલની જે પ્રથા અમલમાં છે તે પ્રથા મુજબ પણ પ્રમાણપત્રો મેળવી શકશે.

૧૫ ઉપરોકત પધ્ધતિ સાંગોપાંગ સફળ થાય અને પ્રમાણપત્રવાંચ્છુ વિદ્યાર્થીઓ/અરજદારોની મુશ્કેલી દૂર કરવા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી, નિવાસી નાયબ કલેકટર અને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,(પંચાયત)(સભ્ય સચિવ)ની બનેલી સમિતિ મુશ્કેલી નિવારણ માટે જરૂરી પગલાં લેશે.

૧૬ આ હુકમો આ વિભાગની ફાઇલ ક્રમાંક સશપ-૧૧૦૯-૧૬૬૩-અ પરની અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગની તથા અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગની તા.૨૧ /૪/૨૦૧૦ની નોંધોથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી.એલ.ઝાલા
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનમંત્રીશ્રી,(સામાજિકન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો.

- *રજીસ્ટ્રારશ્રી, ગુજરાતહાઇકોર્ટ,અમદાવાદ.
- *સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત રાજય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અનેઅધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી,સામાજિક ન્યાયઅને અધિકારીતા,સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મદદનીશ કલેક્ટરશ્રી / નાયબ કલેક્ટરશ્રી.
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે / જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
- તમામ મામલતદારશ્રીઓ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેકટ ફાઈલ

* પત્ર દવારા

## માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા

## અનુસુચિત જાતિના પ્રમાણપત્રો  મેળવવા અંગેની દરખાસ્તનું પત્રક

શાળાનું નામ :-

તથા નંબર

સ્થળ :- ......................., તાલુકો :- ......................., જિલ્લો :- ......................

ટે.નં. ..........................મોબાઇલ નંબર..........................

( કોડ નંબર સહિત )

| અનુ. | વિધાર્થીનું પુરૂ નામ – સરનામું | ટેલિફોન નંબર ટે.નં. (કોડ સહિત) | ટેલિફોન નંબર મોબાઇલનંબર | જે તે વિધાર્થીનો શાળાનો જનરલ રજીસ્ટર નંબર | શાળાના જનરલ રજી. મુજબ જાતિ / પેટાજાતિ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|

નોંધ :- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાતરી  કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.

તારીખ :- ................................

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ અને  સહી/-

આચાર્યશ્રીનુ પુરૂ નામ સહી/-
સિક્કા સાથે

## અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી

(વિના મૂલ્યે)

| અરજી પત્રક<br>તારીખ. / / |
|---|

| તાજેતરનો<br>પાસપોર્ટ<br>સાઇઝનો<br>કલર ફોટો |
|---|

૧. અરજદારનું પુરૂં નામ અને સરનામું : . ............................................................. .................................... .....

......................................................................................................................

મુ.......... ...........................તા................................જિલ્લો........................

ટેલીફોનનં................ .................મોબાઇલ નં ........... ..............................
(કોડનં.સહિત)

૨. અરજદારના પિતા/વાલીનું પુરૂં નામ. . ......................................................................................................

અને સરનામુ ............................................................................................................

ટેલીફોનનં............................ મોબાઇલનં................................................
(કોડનં.સહિત)

૩. પિતાનું મૂળ વતન ગામ................................. તાલુકો..................... જિલ્લો................ ......

રાજય............................

ટેલીફોનનં............................ મોબાઇલનં.........................................
(કોડનં.સહિત)

૪. અરજદારની જાતિ/પેટા જાતિ/ધર્મ :

૫. ગુજરાતમાં વસવાટની વિગતો :

(કયારથી વસવાટ કરો છો તેની વિગત)

૬. આ અગાઉ કોઇપણ સક્ષમ અધિકારી પાસે

જાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી હતી ?

૭. જો હા ,તો તેમણે પ્રમાણપત્ર આપેલ છે ? હા / ના

૮. અરજદારના પિતાની જાતિ/ પેટા જાતિ

અંગેની માહિતી:

(૧) પિતાનું નામ

- પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રની અસલ તેમજ પ્રમાણિત નકલ જોડવી :
- પિતા અભણ હોય તો સોગંદનામુ જોડવું.:

૯. જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે નીચે મુજબના સાચા સહજ આધાર પુરાવા, દસ્તાવેજ વગેરેની અસલ અને પ્રમાણીત નકલો રજૂ કરવાની રહેશે.

૧. અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અસલ અને તેની પ્રમાણિત નકલ

૨. પિતાનું શાળા છોડયાનું અસલ પ્રમાણપત્ર અથવા પિતરાઇ સંબંધીઓના જાતિ અંગેના અસલ આધાર તથા પેઢીનામું રજુ કરવાના રહેશે.

૩. સરનામા/રહેઠાણના આધાર માટે રેશનકાર્ડ/વીજળી બીલ/ઘર વેરો/ટેલીફોન બીલ /ચૂંટણી ઓળખપત્ર પૈકી કોઇપણ એકની પ્રમાણિત નકલ

૧૦. જાતિ પ્રમાણપત્ર મેળવવા માટેનો હેતુ -

તારીખ........... અરજદારની સહી............................

સ્થળઃ........... ( નામ..........................................................)

પિતા /વાલીની સહી............................

( નામ......................................................)

## બાંહેધરીઃ

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપુ છું. જે ધ્યાને લઇ મને અનુસુચિત જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી.અમોએ મેળવેલ જાતિપ્રમાણપત્ર અધિકૃત અધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટુ સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણૂંક કોઇ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

**સ્થળઃ-** ............................ **અરજદારની પુરી સહીઃ-**
**(નામ)**......................................

**તારીખઃ-**............................ **પિતા/માતા/વાલીની પુરી સહીઃ-**
**(નામ)**...................................

**જાતિ પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના થતા પુરાવાઃ-**

૧ અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અને પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
રજુ ના કરી શકે તેવા કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, કાકા,ફોઇ પૈકી કોઇ એકનો જાતિ પુરવાર
થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

૨ વિવાદસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય તો જાતિ પુરવાર કરવામાટેતા૧૦/૮/૧૯૫૦ પહેલાંના આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

૩ અન્ય રાજયમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાંતા.૧૦/૮/૧૯૫૦થી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે.

૪. **રહેઠાણના પુરાવાઃ**- રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બીલ, ટેલિફોન બીલ, રેશનકાર્ડ,ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઇપણ એકની નકલ.

**ખાસ નોંધઃ-**

**૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.**

**ફકત કચેરીના ઉપયોગ સારૂ**

| | | |
|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પૂરું નામ | : |
| ૨ | જાતિ/પેટા જાતિ | : |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર/ તારીખ | : |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : |

**તૈયાર કરનાર કર્મચારીનું પુરુ નામ/પુરીસહી** **સક્ષમ અધિકારીનું પુરુ નામ અને હોદ્દો**

**અધિકારીની સહી અને સિકકો**

# ગુજરાત સરકાર

## ગુજરાતની અનુસુચિત જાતિ અંગેનું

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી /કુમારી .................................................. .........તે
(અરજદારનું અટક સાથે પુરૂ નામ)

શ્રી......................................................................ના પુત્ર / પુત્રી રહેવાસી..........................................
( પિતાનું અટક સાથે પુરૂ નામ )

ગામ/નગર..................................તાલુકો..........................જિલ્લો.................................. જેઓ.................

(ક) બંધારણના ( અનુસૂચિત જાતિઓ) હુકમ ૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી... .................................................................જાતિના છે. (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની યાદીઓ (સુધારા)હુકમ,૧૯૫૬ મુંબઇ પુર્નગઠન અધિનિયમ,૧૯૬૦ તથા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિ જાતિઓ હુકમ(સુધારા)અધિનિયમ,૧૯૭૬ સંવિધાન (અનુસૂચિત જાતિઓ) હુકમો (દ્વિતિયસુધારો) અ ધિનિયમ,૨૦૦૨ હેઠળ સુધારવામાં આવી છે. )

સ્થળઃ- ............................ સહીઃ- .......................................

નામઃ- ......................................

તારીખઃ- .............................. હોદ્દોઃ- ....................................

## રજુ કરેલ આધારો -

૧. અરજદારશ્રીનું ...................... ..................... .................... ...મુ............

(શાળાનું નામ લખવું)

તા.........................જિ........................ના શાળા છોડવાના પ્રમાણપત્ર

નં. ....................તા.................. જનરલ રજિસ્ટર ક્રમાંકઃ ...............

૨. અરજદારશ્રીના પિતાનું.......... ................. ................... .................... .મુ....... ....

(શાળાનું નામ લખવું)

તા......................જિ........................ના શાળા છોડવાના પ્રમાણપત્ર

નં......... ......તા...................... જનરલ રજિસ્ટર ક્રમાંકઃ .............. ....

૩.અરજદારશ્રીના દાદા /કાકા/ ફોઇના... ........................ ............ ....મુ.......... ............

(શાળાનું નામ લખવું)

તા.........................જિ........................ના શાળા છોડવાના પ્રમાણપત્ર

નં. ......... ....તા...................... જનરલ રજિસ્ટર ક્રમાંકઃ .............. ....

તથા પેઢીનામું

૪. શ્રી .....................................................નું તા......................નું સોગંદનામું